# અબ્રાહ

U.S. Information Service
1959-173
ABRAHAM LINCOLN - 1809-1865
GUJerati - 8,000 for USIS-India



GUJERATI
1959-173
U.S.Information Service
Abraham Lincoln
1809-1865
LINCOLN NATIONAL
LIFE FOUNDATION

# અબ્રાહમ લિંકન

(૧૮૦૯-૧૮૬૫)

## યુનાઈટેડ સ્ટેઈટ્સ
## ઓફ
## અમેરિકાના
## ૧૬મા પ્રમુખ

# લિંકનનું ગેટિઝબર્ગ પ્રવચન

**આંતરવિગ્રહ દરમિયાન, ૧૮૬૩માં, ગેટિઝબર્ગના લડાઈ પૂરી થઈ તે પછી જ્યારે એ યુદ્ધક્ષેત્રને રાષ્ટ્રીય કબ્રસ્તાન તરીકે ખુલ્લું મૂકવામાં આવ્યું ત્યારે, પ્રમુખ લિંકને નીચેના શબ્દો ઉચ્ચારેલા. યુનાઈટેડ સ્ટેઈટ્સની ભાવનાના દ્યોતક તરીકે એ શબ્દો કાયમ માટે જીવંત રહેશે.**

"**૮૭ વર્ષ પહેલાં** આપણા પૂર્વજોએ આ ખંડની ધરતી પર, સ્વાતંત્ર્યમાં વિકસેલું અને સર્વ માનવીઓને સમાન સર્જવામાં આવ્યા છે એ સૂત્રને વરેલું નૂતન રાષ્ટ્ર સર્જ્યું.

"અત્યારે આપણે આન્તરવિગ્રહમાં ગૂંથાયેલા છીએ અને આ રાષ્ટ્ર કે એવી રીતે ઉદ્‌ભવેલું અને એવા સૂત્રને વરેલું કોઈ પણ રાષ્ટ્ર દીર્ઘકાળ સુધી ટકી શકે કે નહિ તેની કસોટી કરી રહ્યા છીએ. એ વિગ્રહની મહાન રણભૂમિ ઉપર આપણે એકત્ર થયા છીએ. રાષ્ટ્ર જીવંત રહે એ ખાતર અહીં જેમણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું એ લોકોને માટે અંતિમ વિશ્રામસ્થાન તરીકે આ રણભૂમિના એક ભાગને અર્પણ કરવા માટે આપણે આવ્યા છીએ. આપણે એમ કરીએ એ સર્વથા ઉચિત અને યોગ્ય છે.


"પણ વધુ વિશાળ અર્થમાં જોઈએ તો આપણે આ ભૂમિને અર્પિત કરી શકીએ નહિ, પવિત્ર બનાવી શકીએ નહિ, વિશુદ્ધ કરી શકીએ નહિ. જેઓએ અહીં લડત આપી તે જીવંત અને મૃત નરવીરોએ એને એટલી વિશુદ્ધ બનાવી દીધી છે કે તેમાં હવે કોઈ વૃદ્ધિ કે ઘટાડો કરવાનું આપણી પામર શક્તિની બહારની વસ્તુ છે. આપણે અહીં જે વચનો ઉચ્ચારીએ છીએ તેને દુનિયા ભાગ્યે જ નોંધમાં લેશે કે લાંબા સમય સુધી યાદ રાખશે; પણ આ વીરનરોએ અહીં જે કાર્ય કર્યું છે તેને દુનિયા કદી વીસરી શકશે નહિ.. અહીં લડત આપીને જેઓએ આ કાર્ય ઉમદા રીતે આટલું આગળ વધાર્યું છે તેમના અધૂરા રહેલા કર્તવ્યને જીવન સમર્પણ કરવું એ આપણું—જેઓ જીવંત છે તેમનું—કર્તવ્ય છે; આપણી સમક્ષ રહેલા આ મહાન કાર્યને આપણું સમગ્ર અર્પણ કરવું એ આપણી જ ફરજ છે, જેથી જે આદર્શને માટે આ આદરણીય મૃતાત્માઓએ પોતાની શ્રદ્ધા અને નિષ્ઠાનું અંતિમ બુંદ અર્પી દીધું તે આદર્શને માટે આપણે વધુ નિષ્ઠાવાન બનીએ; જેથી આપણે અહીં સંકલ્પ કરીએ કે જેઓ અહીં અવસાન પામ્યા છે તેમનું મૃત્યુ મિથ્યા ન થાય; જેથી ઈશ્વરની કરુણા નીચે આ રાષ્ટ્ર સ્વાતંત્ર્યનો નવજન્મ પામે; અને જેથી જનતાની, જનતા દ્વારા ચાલતી, જનતાને માટે ચાલતી આ સરકારનો પૃથ્વી પરથી અંત ન આવે."

અબ્રાહમ લિંકન. — યુનાઇટેડ સ્ટેઇટ્સના ૧૬મા પ્રમુખ અબ્રાહમ લિંકન તેમની ભલાઈ અને ધીરજથી, સામાન્ય મનુષ્ય માટેના તેમના પ્રેમથી, પ્રજાની, પ્રજા વડે ચાલતી, પ્રજા માટે ચાલતી સરકાર પ્રત્યેની તેમની નિષ્ઠાથી, અને તેમના જીવન અને મૃત્યુની પદ્ધતિથી માનવજાતના ઇતિહાસમાં અનન્ય સ્થાન ધરાવે છે.



નિર્મિતિ. — ૧૮૦૯ની સાલમાં લિંકનનો જન્મ થયો ત્યારે અમેરિકામાં ગુલામી પ્રવર્તતી હતી. અબ્રાહમ લિંકનના ભાગ્યમાં એક અભણ ખેતમજૂર થવાનું નિર્માયું હોય એમ જણાતું હતું; આ ગુલામીનો નાશ કરનાર અને તમામ અમેરિકનોને મુક્ત અને સમાન બનાવનાર અને પોતાની જાતને માનવજાતની એક સૌથી મહાન વ્યક્તિ બનાવનાર નીવડવાનું નિર્માયેલું તો નહોતું જ લાગતું. તેમના જીવનમાં લોકશાહી, માનવ અધિકારો અને વ્યક્તિના ગૌરવના સાચા અર્થનાં દર્શન થાય છે.







અમેરિકા. —૧૮૦૦ પછીનાં તરતનાં વર્ષોનું અમેરિકા નવું અને વિકસતું રાષ્ટ્ર હતું. માંડ પા સદી પહેલાં એણે સ્વતંત્રતા મેળવી હતી. ગુલામી સાંસ્થાનિક સમયથી ચાલી આવતી હતી. પ્રારંભિક સાહસિક લોકો વસી ચૂકેલા પૂર્વમાંથી માર્ગવિહીન પશ્ચિમ તરફ ધસી રહ્યા હતા. આ કાચા, નવા દેશમાં અબ્રાહમના પિતા પોતાનું ગુજરાન ચલાવવાની મથામણ કરતા હતા.



કુટુંબ. — અબ્રાહમના પિતા એક સુથાર હતા. પણ કુટુંબનું પેટ ભરવા માટે તેમને લાંબા સમય સુધી જંગલમાં શિકાર કરવા ફરવું પડતું. અબ્રાહમ (એબ), તેમની બહેન અને ખેતર એ ત્રણેની સંભાળ માયાળુ માતા નેન્સી હેન્કસ લિંકન ઉપર છોડી દેવામાં આવી હતી. એબે પોતાના જીવનની પ્રેરણાનો યશ પોતાની માતાને આપ્યો છે. તેમણે કહેલું: “મારી માતા પર ઈશ્વરની આશિષ ઊતરો. હું જે કંઈ છું અને જે કંઈ થવાની આશા રાખું છું તે બધું મારી માતાને આભારી છે.”



શાળા.—પાડોશમાં એક લાકડાની બાંધેલી શાળા ઊઘડી ત્યારે શ્રીમતી લિંકને નાના એબને અને તેની બહેનને કકકોબારાખડી અને જોડણી શીખવા નિશાળે બેસાડયાં. એમણે બન્નેને કહ્યું : "તમારે લખતાં-વાંચતાં શીખી લેવું જોઈએ. તમારે જ્ઞાન મેળવવું જોઈએ. જેથી મોટાં થાઓ ત્યારે ડાહ્યાં અને સારાં થાઓ." એબને આ શબ્દો હંમેશાં યાદ રહી ગયા.



ઇન્ડિયાના. — અબ્રાહમની વય સાત વર્ષની હતી ત્યારે તેમના પિતા કુટુંબને ઇન્ડિયાના રાજ્યમાં એક ખેતર પર વસવા લઈ ગયા. એ વખતે એ પ્રદેશ સાવ અરણ્ય જેવો હતો. અહીં પાનખર ઋતુના છેવટના ભાગમાં લિંકન કુટુંબ પોતાના નવા ઘર માટે જંગલ સાફ કરવાના કામમાં લાગી ગયું. શિયાળો તેમને માથે ઝઝૂમી રહ્યો હતો. એટલે ઝાઝી સંભાળ રાખવાને બદલે ખૂબ ઉતાવળથી તેમણે એક લાકડાનું ઘર બાંધી દીધું. અહીં શાળા તો હતી નહિ એટલે એબ ખેતર ઉપર કામ કરતા.



કરુણ બનાવ.—૧૮૧૮માં ગ્રામપ્રદેશમાં એક વિચિત્ર રોગ ફાટી નીકળ્યો અને ઘણાં માણસો અને ઢોરનો એણે ભોગ લીધો. એબની માતાને પણ રોગ લાગુ પડયો અને અઠવાડિયામાં તો એનું અવસાન થયું. જે વ્યક્તિએ તેમને આટલાં પ્રેમ અને સેવા આપેલાં તેનું એક ખરબચડું પાઈનનું કફન તૈયાર કરવામાં એબે પિતાને મદદ કરી.



**એ**કલતા.—શિયાળાની શોકમય એકલતા લિંકન કુટુંબ ઉપર ઊતરી. બાળકોને માતાની ખોટ દયામય રીતે જણાવા લાગી. તેમના પિતાને બાળકોને લાંબા વખત સુધી અરણ્યમાં આવેલી કુટિરમાં એકલાં છોડીને ખોરાક માટે જંગલમાં શિકાર કરવા જવું પડતું. નવ વરસના એબ આ નિર્જન રાત્રીમાં બહેનને દિલાસો આપતા.



**નવો પ્રેમ.**—તેમના પિતા જે દિવસે નવી મા લાવ્યા તે દિવસ સુખદ હતો. એ સ્ત્રી સુદૃઢ શરીરની અને શક્તિશાળી હતી અને થોડા જ વખતમાં એણે એ અવ્યવસ્થિત કુટિરને ફરી ઝળહળતી કરી દીધી. તરતમાં એ જગ્યા કૌટુંબિક પ્રેમની સુંદરતાથી ફરી ભરાઈ ગઈ.



પ્રશ્ન.—અબ્રાહમ ૧૧ વર્ષના થયા ત્યારે લિંકન-ખેતરની પાસે એક શાળા બંધાઈ અને અબ્રાહમને શાળાએ જવા દેવા કે નહિ એ પ્રશ્ન ઊભો થયો. તેમના પિતાએ એમ કહ્યું કે એબ જેવો મોટો સશકત છોકરો તો શાળા કરતાં ખેતરમાં જ વધુ ઉપયોગી નીવડે. શ્રીમતી લિંકનને એમ લાગતું હતું કે એણે નિશાળમાં જવું જોઈએ.



પુસ્તકો. — એમની અપર માતાએ પોતાની વાત પકડી રાખી અને એબે શાળાએ જવા માંડયું. તેમના પુસ્તકપ્રેમનો અહીંથી પ્રારંભ હતો. પણ તેમનું શાળાનું જીવન અનિયમિત હતું, કારણ કે ખેતરમાં એમનું કામ પડતું. માંડ એકાદ વરસ જેટલો સમય તેમણે શાળામાં હાજરી આપી હશે પણ તે દરમિયાન જેટલાં પુસ્તકો મળ્યાં તેટલાં તેમણે વાંચી નાખ્યાં. પુસ્તક મેળવવા કે પાછું આપવા તેઓ ઘણી વાર માઈલો સુધી ચાલતા.



અભ્યાસ. — આખો દિવસ ખેતરમાં કામ કર્યા પછી એબ સગડીમાં સળગતા કોલસાને અજવાળે વાંચતા અને લાકડાના પાવડા પર કોલસાથી લખતા. પાવડો ભરાઈ જાય ત્યારે લખેલું ભૂંસી નાખી પછી એ જ જગ્યાએ આગળ લખતા.




**ગુલામી.** — ૧૯ વર્ષની વયે લિંકને હોડીમાં બેસીને મિસિસિપિ નદીમાં ન્યુ ઑર્લીઅન્સ સુધી પ્રવાસ કર્યો. અહીં તેમને ગુલામીનો પ્રથમ સંપર્ક થયો. ગુલામીથી એમને ઘૃણા થઈ. આ પછી થોડા વખતમાં લિંકન કુટુંબ ફરી વાર પશ્ચિમ તરફ ચાલ્યું. તેઓ ઇલિનૉયમાં ગયા અને ત્યાં તેમણે ફરી વાર જમીન સાફ કરીને કુટિર બાંધી.



કારકુન.—૨૨ વર્ષની વયે લિંકન ઇલિનોયની સરહદ પરના એક વસ્તુભંડારમાં કારકુન બન્યા. તેમનાં વિચાર અને લાગણીનું ઊંડાણ, તેમની પ્રમાણિકતા, તેમનો મૃદુ વિનોદ અને તેમની ભલમનસાઈ એ બધાંને લીધે લોકો તેમની તરફ ખેંચાતા. એક ચતુર વાર્તા કહેનાર અને વિવાદ કરનાર હોવા ઉપરાંત તેઓ શાસનતંત્રના ઉત્સાહી અભ્યાસી હતા. મિત્રોએ તેમને ઇલિનોય રાજ્યની ધારાસભામાં જવા માટે ઊભા રહેવાનું પ્રોત્સાહન આપ્યું.





ધારાસભા.— રાજકારણમાં પ્રવેશ કરતી વખતે લિંકનની ઉંમર ૨૫ વર્ષની હતી. તેઓ ઊંચા અને કઢંગા દેખાવના હતા. તેઓ પહોળા કાંઠલાવાળી હેટ, ખાદીનું ખમીસ, ઝૂલતા છેડાવાળો લાંબો ડગલો અને બૂટ સુધી ન પહોંચે તેવું ટૂંકું પાટલૂન પહેરતા. અજાણ્યા લોકો તેમને જોઈને "વિદૂષક લાગે છે" એમ કહેતા. પણ જ્યારે તેઓ બોલતા ત્યારે તેમના કઢંગા દેખાવનો બધો ખ્યાલ ઊડી જતો. ૧૮૩૪માં તેઓ ઇલિનોયની ધારાસભામાં ચૂંટાયા.



કાયદો.—રાજ્યની ધારાસભામાં હતા તે દરમિયાન લિંકનને પ્રજાસેવાના કામમાંથી જે થોડો સમય મળતો તેમાં તેમણે કાયદાનો અભ્યાસ કરવા માંડ્યો. ત્રણ વખત તે ફરીફરીને ધારાસભામાં ચૂંટાયા. ૧૮૩૬ માં તેમને કાયદાના વ્યવસાયમાં દાખલ કરવામાં આવ્યા. ઘણી વાર તેમના અસીલો તેમની ફીના રોકડા પૈસા આપી શકે નહિ ત્યારે તે ખેતરનો માલ પણ સ્વીકારતા.



પ્રેમ.—લિંકન એન રટલેજના પ્રેમમાં પડ્યા હતા. પણ તેમનું લગ્ન થાય તે પહેલાં થોડા જ સમય અગાઉ એનનું અવસાન થયું. લિંકન ભગ્નહૃદય બની ગયા. પોતાનું દુઃખ સંતાડવા તેઓ કામમાં અને બીજાઓની સેવામાં વધુ મગ્ન થઈ ગયા. થોડાં વર્ષ પછી લિંકન વકીલાતમાં હજી પગભર થવાની કોશિષ કરતા હતા ત્યારે તેઓ મેરી ટૉડને મળ્યા. ૧૮૪૩માં બન્ને પરણ્યાં. લિંકનના મિત્રો તેમને સંસદની ચૂંટણીમાં ઊભા રાખવા ઇચ્છતા હતા.




સંસદ — ૩૭ વર્ષની વયે લિંકને રાષ્ટ્રીય રાજકારણના તખ્તા પર પ્રવેશ કર્યો. તેઓ સંસદના નીચલા સભાગૃહ પ્રતિનિધિસભામાં ચૂંટાયા. સભાગૃહમાં તેમને નામે ચડેલી કામગીરી ગુલામીના, અને તેને નવાં રાજ્યોમાં અને પ્રદેશોમાં વિસ્તારવાના, નિ:સંકોચ વિરોધની હતી.




**મ**તભેદ.—સાંસ્થાનિક સમયથી અમેરિકામાં લાવવામાં આવેલા હબસીઓનો ગુલામ તરીકે ઉપયોગ થતો. હવે દેશ આ પ્રશ્ન ઉપર કટુતાથી બે ભાગમાં વહેંચાઈ ગયો. એક મુક્ત દેશમાં એક માણસ બીજા માણસને ગુલામ રાખે એવા વ્યવહાર સામે લિંકને પોકાર ઉઠાવ્યો. તેઓ માનતા અને કહેતા કે મુક્ત થવું એ પ્રત્યેક માણસનો કાયમી અને પવિત્ર અધિકાર છે.



વિવાદ. — ૧૮૫૮માં જ્યારે એમ લાગ્યું કે ગુલામી અમેરિકામાં વધુ પ્રસરશે ત્યારે લિંકને પોતાનો કાયદાનો વ્યવસાય છોડીને અમેરિકાની સંસદમાં આ વખતે સેનેટસભ્ય તરીકે આવવા માટે ઝુંબેશ ચલાવી. તેમની ઝુંબેશ તેમના પ્રતિસ્પર્ધી સ્ટીફન એ ડગલાસ સાથેના અનેક વિવાદોમાં પરિણમી. ડગલાસ ચૂંટાઈ આવ્યા પણ લિંકને ભલે ચર્ચાસ્પદ તો પણ મહાન રાષ્ટ્રીય પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી.



પ્રમુખ.—લિંકને ગભરાયા વિના ગુલામી સામેની લડત ચાલુ રાખી. ૧૮૬૦માં તીવ્ર વિખવાદની વચ્ચે તેઓ અમેરિકાના પ્રમુખ ચૂંટાયા. દેશ અશાંતિથી ઊકળી રહ્યો હતો. લિંકનની ચૂંટણી થતાં જ ગુલામીના પ્રશ્ન ઉપર લાંબા વખતથી ધારવામાં આવતું દેશનું વિભાજન થયું. ૧૧ દક્ષિણી રાજ્યો સંઘમાંથી છૂટાં પડ્યાં. યુનાઇટેડ સ્ટેઇટ્સ પ્રત્યેની વફાદારી છોડીને તેમણે કૉન્ફેડરેટ સ્ટેઇટ્સ ઑફ અમેરિકા નામનો સંઘ રચ્યો.



યુદ્ધ.—ઘણા વિવાદ પછી અને એકતા તથા શાંતિ માટેના લિંકનના ઘણા પ્રયાસો છતાં કૉન્ફેડરેટ રાજ્યોએ સંઘ સરકારના એક કિલ્લા પર હુમલો કર્યો. અને દેશને એક લોહિયાળ આંતર-વિગ્રહ (૧૮૬૧-૬૫)માં ધકેલી દીધો. માનવપ્રેમી લિંકન શોકમગ્ન થઈ ગયા. જે ગુલામીને તેઓ ધિક્કારતા હતા તે ચાલુ રહી એટલું જ નહિ પણ તેમના અમેરિકી દેશબંધુઓ એકબીજા સામે લડતા હતા અને સંઘ સરકારનાં સૈન્યો ભારે ખુવારી વેઠી રહ્યાં હતાં.




હેતુઓ.—લિંકનના જીવનમાં હવે બે હેતુઓ હતા—વિભક્ત દેશને એક કરવો અને ગુલામોને મુક્ત કરવા. એક માનવતાવાદી તરીકેનું અને સંઘદળોના સરસેનાપતિ તરીકેનું તેમનું કામ કટુતાભરી ટીકાઓથી વધુ ગૂંચવાડાભર્યું બનતું. લિંકન શાંતિ માટે ઊંડા દિલથી પ્રાર્થના કરતા. તેઓ પોતાના હેતુને દઢતાથી વળગી રહ્યા. અને પછી યુદ્ધે સંઘદળોની તરફેણમાં વળાંક લીધો.



મુક્તિ.—આખરે ૧૮૬૩માં ઇતિહાસનો એક મહાન દસ્તાવેજ પ્રસિદ્ધ થયો. લિંકને તેમનું મુક્તિનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. એ જાહેરનામાએ ગુલામોને મુક્ત કર્યા. એક વારનાં ખેતરો એવાં યુદ્ધક્ષેત્રો પર મરણશરણ થઈ રહેલા દેશબંધુઓ ખાતર લોહીઝરતા હૃદયે લિંકને શાંતિની સ્થાપના અને સંઘની એકતા ઉપર લક્ષ કેન્દ્રિત કર્યું.







ગેટિઝબર્ગ.—૧૮૬૩ માં લિંકને એક ઇતિહાસપ્રસિદ્ધ થવા નિર્માયેલું પ્રવચન કર્યું. ગેટિઝબર્ગ ખાતે એક લશ્કરી કબ્રસ્તાનનું ઉદ્‌ઘાટન કરતાં તેમણે લોકશાહીના આદર્શને ઉત્તમ રીતે વ્યક્ત કરતા શબ્દો ઉચ્ચાર્યા : "...લોકોની, લોકો વડે ચાલતી, લોકો માટે ચાલતી સરકાર આ પૃથ્વી પરથી નાશ નહિ પામે."



**ફરી વાર ચૂંટાયા.** — પ્રમુખપદની પહેલી અવધ દરમિયાન લિંકનની લોકપ્રિયતામાં ઘટાડો થયો હતો, તો પણ ૧૮૬૪માં તેઓ ફરી વાર પ્રમુખપદે ચૂંટાયા. રાજ્યો વચ્ચેના કુસંપનો અને યુદ્ધની શરૂઆતમાં સંઘદળોને મળેલા પરાજયનો દોષ ઘણાએ તેમને માથે નાખ્યો. પણ તેમના મુક્તિના જાહેરનામાએ અને સંઘદળોના નવા વિજયોએ ઉત્તરમાં તેમના સ્થાનને મજબૂત કર્યું.




શાંતિ.—૧૮૬૫માં સંઘદળોના વિજય સાથે યુદ્ધનો અંત આવ્યો. હવે એક કુટુંબ બીજા કુટુંબ સામે ખોડાયેલું ન રહ્યું. યુદ્ધ ચાર વરસ ચાલ્યું હતું. મુક્તિ અને શાન્તિનું રાજ્ય અમલમાં આવ્યું અને સંઘ બચી ગયો. દેશ આનંદથી ગાંડો બની ગયો. આખા દેશનાં દેવળોમાં આભારદર્શનની પ્રાર્થનાઓ કરવામાં આવી.



ખૂન.—શાંતિ અને ઐક્ય માટેની પોતાની યોજનાઓ સફળ થયેલી જોવા લિંકન જીવ્યા નહિ. યુદ્ધનો બોજો ટાળ્યા પછી પાંચ જ દિવસ બાદ તેઓ વૉશિંગ્ટનની એક નાટકશાળામાં બેઠા હતા ત્યારે એક ઝનૂની દક્ષિણવાસી અભિનેતા જહોન વિલ્કીસ બૂથે તેમના માથામાં ગોળી મારી. થોડા કલાક પછી લિંકન મૃત્યુ પામ્યા. એમનું ભગીરથ કાર્ય પૂરું થયું હતું.



માનવતા. — શાંતિ માટેની લિંકનની યોજનાઓ તેમનાં ડહાપણ અને માનવતાની સાક્ષી પૂરે છે. દક્ષિણનાં બળવાખોર રાજ્યોને યુદ્ધ શરૂ કરવા માટે સજા થવી જોઈએ એ વાતમાં તેઓ સંમત નહોતા. તેમણે આ શબ્દો કહ્યા : "કોઈની પ્રત્યે દ્વેષ વિના, સૌની પ્રત્યે અનુકંપાપૂર્વક આપણે રાષ્ટ્રના ઘા પર પાટા બાંધીએ."



વારસો.—અમેરિકાવાસીઓને મન અને ઘણા દેશોના લોકોને મન અબ્રાહમ લિંકન માનવતા અને લોકશાહીના પ્રિય પ્રતીક-રૂપ છે. લોકોમાં, મુકિતમાં, મનુષ્યની સજ્જનતામાં તેમની શ્રદ્ધા એ અમેરિકાની વિચારસરણીનું હાર્દ છે. લિંકનના જીવનનો અભ્યાસ કરવો એ એક રાષ્ટ્રના આત્મા સમક્ષ પહોંચીને તેને સ્પર્શ કરવા બરાબર છે.


IN THIS TEMPLE
AS IN THE HEARTS OF THE PEOPLE
FOR WHOM HE SAVED THE UNION
THE MEMORY OF ABRAHAM LINCOLN
IS ENSHRINED FOREVER

PRODUCED BY THE UNITED STATES INFORMATION SERVICE